# ચાલું વર્ષે પણ તુવેરનું બજાર  ટેકાના ભાવથી ઉપર રહેવાની સંભાવના

કઠોળ પાકોમાં તુવેર બીજા ક્રમે સૌથી મહત્વનો પાક છે, જે ભારતમાં મુખ્યત્વે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને ગુજરાતમાં વવાય છે. દેશમાં તુવેરનો વાર્ષિક વપરાશ વધારે, અંદાજે ૪૭ લાખ ટન જેટલો થતો હોય, દર વર્ષે તેની આયાત કરવી પડે છે.

દેશમાં ચાલું વર્ષ ૨૦૨૩–૨૪ માં કઠોળ પાકો હેઠળના મોટા ભાગના વિસ્તારમાં ચોમાસું અનિયમિત રહેવાથી વાવેતરમાં ૪ ટકા જેટલો ઘટાડો, ખાસ કરીને મહારાષ્ટ્ર અને કર્ણાટકમા થયેલ છે. આ વર્ષે તુવેરનું વાવેતર અંદાજે ૪૩ લાખ હેકટરમાં થયેલ છે અને ઉત્પાદન અંદાજે ૩૪ લાખ ટન જેટલું થશે. જે ગત વર્ષ જેટલું જ હશે, પરંતુ અગાઉના વર્ષ ૨૦૨૧–૨૨ માં ૪૨.૨૦ લાખ ટન કરતા ઘણું જ ઓછું રહેશે. તેમજ કુલ ચોમાસું કઠોળ પાકોનું ઉત્પાદન પણ ગત વર્ષના ૭૬.૨૧ લાખ તન કરતા થોડું ઓછું થશે. જે અગાઉના વર્ષ ૨૦૨૧–૨૨ માં ૮૨.૩૫ લાખ ટન જેટલું થયેલ હતુ.

ગુજરાતમાં ચાલું વર્ષે તુવેરનું વાવેતર અંદાજે ૨.૨૭ લાખ હેકટરમાં થયેલ છે, જે ગત વર્ષે ૨.૪૪ લાખ હેકટર હતું અને એકંદરે પાક પરિસ્થિતિ સારી રહેલ હોય ઉત્પાદન ૩.૩૮ લાખ ટન (બીજો આગોતરો અંદાજ તા. ૧૭–૧–૨૦૨૪) જેટલું થશે, જે ગત વર્ષે ૨.૮૪ લાખ ટન થયેલ હતું.

ગુજરાતની વિવિધ બજારોમાં તુવેરનો ભાવ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમ્યાન મણના ભાવ રૂા. ૧૪૨૦ ની આસપાસ હતો, જે સતત વધીને મેં, ૨૦૨૩માં રૂા. ૧૬૪૦ જેટલો થયેલ અને ત્યાર પછી પણ વધીને ઓક્ટોબર, ૨૦૨૩ માં રૂા. ૨૦૦૦ જેટલો થયેલ. ત્યારબાદ કાપણીની સિઝન શરૂ થતા ભાવમાં ઘટાડો થયેલ અને હાલ જાન્યુઆરી, ૨૦૨૪ માં રૂા. ૧૮૦૦ જેટલો પ્રવર્તમાન છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ તુવેરનું ઉત્પાદન ઓછું થવાનો અંદાજ હોવાથી તેના ભાવ થોડી વધ–ઘટ સાથે આ સપાટીએ મજબૂત રહેવાની સંભાવના છે. ભારતસરકારશ્રીએ ખરીફ ૨૦૨૩–૨૪ નાં વર્ષ માટે તુવેરનો ટેકાનો ભાવ મણનાં રૂા. ૧૪૦૦ (ક્વિન્ટલ દીઠ રૂા. ૭૦૦૦) નક્કી કરેલ છે જે ગત વર્ષે રૂા. ૧૩૨૦ હતો.

ભારતમાં તુવેરની આયાત સને ૨૦૨૨–૨૩ માં ૮.૯૪ લાખ ટન થયેલ અને કુલ કઠોળની આયાત ૨૪.૯૬ લાખ ટન થયેલ. ચાલું વર્ષ એપ્રિલ થી નવેમ્બર ૨૦૨૩ સુધીમાં તુવેરની આયાત ૫.૪૬ લાખ ટન અને કુલ કઠોળની આયાત ૨૨.૫૦ લાખ ટન જેટલી થયેલ છે.

તુવેરનું ઉત્પાદન અને બજારના અહેવાલોને ધ્યાનમાં લઈ, વિશ્વસનીય બજાર તજજ્ઞતાના આધારે ખેડૂત ભાઈઓને વેચાણ માટે યોગ્ય નિર્ણય લેવામાં ઉપયોગી થાય, તે હેતુથી કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે દાહોદ માર્કેટિંગ યાર્ડના તુવેરના ઐતિહાસિક ભાવોનું વિશ્લેષણ કરેલ છે. જે વિશ્લેષણ મુજબ તારણ છે, કે **ફેબ્રુઆરી–માર્ચ, ૨૦૨૪ દરમિયાન તુવેરનો ભાવ (કાપણી સમયે) મણના રૂા. ૧૮૦૦ થી ૨૦૦૦ (ક્વિન્ટલ દીઠ રૂા. ૯૦૦૦ – ૧૦૦૦૦) રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ખેડૂતભાઈઓ તુવેરનો સંગ્રહ કરી માર્ચ, ૨૦૨૪ પછી વેંચાણ કરવા પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જો કાપણીની મોસમમાં ભાવ મણનાં રૂા. ૨૧૦૦ થી ઉપર જાય તો તે ભાવે તુરત વેચાણ કરવા નિર્ણય લઇ શકે. તુવેર અને અડદનો મોટા જથ્થામાં સંગ્રહ કરી ભાવમાં કૃત્રિમ રીતે વધારો ન થાય તે માટે સરકારશ્રીએ વેપારીઓ માટે સંગ્રહ મર્યાદા લાગુ કરેલ છે.